EDII

Sandesh (Citylife)

December 12, 2023
Page No.05









# EDII ખાતે 'ઇન્સ્પાઇરિંગ હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યૂચર' થીમ પર ફેશન શો યોજવામાં આવ્યો

## EDII ખાતે દ્વારા 'થોટ લીડરશિપ સેમિનાર' અને 'થીમેટિક ફેશન શો'નું આયોજન કરવામાં આવ્યું હતું

આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (ઈડીઆઈઆઈ), દ્વારા 'થોટ લીડરશિપ સેમિનાર' અને 'થીમેટિક ફેશન શો'નું આયોજન કરવામાં આવ્યું હતું. ઈડીઆઈઆઈ અમદાવાદ ભારતમાં હેન્ડમેડ પ્રોજેક્ટમાં ઈમ્પ્લિમેન્ટેશન પાર્ટનર છે. આસામમાં કામરૂપ, ઓડિસામાં બરગઢ, ગુજરાતમાં ભુજ અને સુરેન્દ્રનગર, મધ્યપ્રદેશમાં મહેશ્વર અને તામિલનાડુમાં સલેમ એમ છ ક્લસ્ટરોને હેન્ડમેડ ઈન ઈન્ડિયા પ્રોજેક્ટ હેઠળ ટેકો આપવામાં આવી રહ્યો છે. એક્ઝિબિશનમાં પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ આવરી લેવામાં આવેલા છ ક્લસ્ટરોની પ્રોડક્ટ્સ પ્રદર્શનમાં છે. ઈડીઆઈઆઈ દ્વારા પ્રશિક્ષિત તેમાં ભાગ લઈ રહેલા કારીગરો અને કસબીઓ સાથે કુલ ૨૫ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે. ફેશન શોમાં 'ક્રાફ્ટિંગ અ સસ્ટેનેબલ ફ્યૂચર: હેન્ડમેડ ઈન ઈન્ડિયા' અને 'ઈન્સ્પાઈરિંગ હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યૂચર: હેન્ડલૂમ્સ ઈન મોર્ડન ઈન્ડિયા' થીમ પર સસ્ટેનેબિલિટી પર ભાર મૂક્યો હતો. ડિઝાઈનરોએ મોડેલ્સ માટે વસ્ત્રો બનાવવા માટે પ્રોજેક્ટ એચએમઆઈ હેઠળ ઈડીઆઈઆઈ પ્રશિક્ષિત કારીગરો દ્વારા તૈયાર કરેલ કાપડનો ઉપયોગ કર્યો હતો.

## વિવિધ રાજ્યોમાં વિવિધ હસ્તકલા માટેના મોડેલની પ્રતિકૃતિનું મૂલ્યાંકન કરાયું

ફેશન શો બાદ એક થોટ લીડરશિપ વર્કશોપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં નીતિ ઘડનારાઓ, ઇન્ડસ્ટ્રી પ્રોફેશનલ્સ, પ્રેક્ટિશનર્સ, વણકરો અને કારીગરો સહિતના હિતધારકોએ હાજરી આપી હતી. પેનલ ચર્ચાના વિષયોમાં 'ઈન્સ્પાઇરિંગ હેરિટેજ, એમ્પાવરિંગ ફ્યૂચર્સ: હેન્ડલૂમ્સ ઇન મોડર્ન ઇન્ડિયા' અને 'ક્રાફ્ટિંગ અ સસ્ટેનેબલ ફ્યૂચર: હેન્ડમેડ ઇન ઈન્ડિયા'નો સમાવેશ કરીને લુપ્ત થવાની આરે આવેલી અમુક હસ્તકલાને પુનર્જીવિત કરવાના ઈડીઆઈઆઈનું મોડલ વિસ્તૃત રીતે શેર કરવામાં આવ્યું હતું. વિવિધ રાજ્યોમાં વિવિધ હસ્તકલા માટેના મોડેલની પ્રતિકૃતિનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું તેમજ શ્રેષ્ઠ પદ્ધતિઓની સમીક્ષા કરવામાં આવી હતી.

## દેશના વણકરો અને કારીગરો ભારતની કલા અને હસ્તકલાના રક્ષકો છે

ઈડીઆઈઆઈના ડિરેક્ટર જનરલ ડો. સુનીલ શુક્લાએ કહ્યું કે, ટેક્ષ્ટાઇલ સેક્ટર આપણા રાષ્ટ્રના આર્થિક અને સાંસ્કૃતિક વિકાસમાં મુખ્ય ભૂમિકા ભજવે છે. ઇડીઆઇઆઇ પ્રોજેક્ટ એચએમઆઇ હેઠળ તેની વિવિધ પહેલો દ્વારા કારીગરોના જીવનમાં પ્રગતિ અને વિકાસ લાવવા માટે તૈયાર છે. દેશના વણકરો તથા કારીગરોનું પોષણ અને સશક્તીકરણ સખત જરૂરી છે કારણ કે તેઓ ભારતની કલા અને હસ્તકલાના રક્ષકો છે. આ એકમાત્ર રસ્તો છે જેનાથી આપણે ભારતના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને સાચવી શકીએ છીએ.